જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૭/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૧૭/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૯૯૦ | ૨ | ૯૯૯૨ | ૧૬૦૪૬ | ૦ | ૧૬૦૪૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૨૯૭ | ૪ | ૪૩૦૪ | ૫૮૧૩ | ૪ | ૫૮૧૭ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૬૮૩ | ૧૫૩ | ૧૨૮૩૬ | ૧૩૧૬૭ | ૧૪૬ | ૧૩૩૧૩ |
| કુલ | | ૨૭૦૧૩ | ૧૫૯ | ૨૭૧૭૨ | ૩૫૨૨૯ | ૧૫૦ | ૩૫૩૭૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૯,૩૫,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬૮૭ | ૭,૩૭,૪૦૦/- |

# ઘરફોડ ચોરીના  આરોપીની અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન :-

## ઘરફોડ ચોરીના ગુનાના આરોપીઓને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકમાં પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા એ.સી.પી. શ્રી હીતેષ ધાંધલીયા સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.ડી.વાળા  તથા સે.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. એચ.એલ.જેબલીયા તથા અ.મ.સ.ઈ રામસિંહ જુજારસિંહ તથા અ.હે.કો મહેંદ્રસિંહ રઘુનાથસિંહ તથા અ.હે.કો ભરતકુમાર કાળીદાસ  તથા અ.પો.કો નીતીન પાનાચંદ તથા અ.પો.કો વિષ્ણુપ્રસાદ ગોપાલભાઈ તથા અ.પો.કો હરેશભાઈ મેરાભાઈ તથા અ.લો.ર પ્રદીપસિંહ દીલીપસિંહ તથા અ.લો.ર. ઇન્દ્રજીતસિંહ ગભુભા એ રીતેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-A ગુ.ર.ન.-૧૧૧૯૧૦૪૧૨૦૦૭૩૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબથી ગુનો દાખલ થતા સદરી જગ્યાના સી.સી.ટી.વી કેમેરાના ફુટેજ આધારે સાથેના સ્ટાફના અ.હે.કો મહેંદ્રસિંહ રઘુનાથસિંહ તથા અ.હે.કો ભરતકુમાર કાળીદાસ નાઓએ આરોપીની તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર ની ઓળખ કરી આરોપી નામે પ્રગ્નેશ સ/ઓ ભીખાભાઈ મગનભાઈ જાતે.પટેલ ઉ.વ.૪૫ રહે-મ.નં.૧૨૭ નાની મહેતાપોળ વાડીગામ દરીયાપુર અમદાવાદ શહેર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર નાઓને ઘરફોડ ચોરીમાં ગયેલ સોની કંપનીના એલ.ઇ.ડી ટી.વી નંગ-૦૩ કિ.રૂ. ૬૧,૫૦૦/- તથા ડાયકિંગ કંપનીના એ.સી નંગ-૦૪ કિ.રૂ.૧,૦૮,૦૦૦/- તથા ઓ-જનરલ કંપનીના એ.સી નંગ-૧૧ કિ.રૂ.૩,૮૫,૦૦૦/- તથા પેનાસોનીક કંપનીનું એ.સી નંગ-૦૧ કિ.રૂ.૨૭,૫૦૦/- તથા મિત્સુબીસી કંપનીના એ.સી નંગ-૦૬ કિ.રૂ.૧,૭૪,૦૦૦/- તેમજ  ઇન-ડોર આઉટ ડોર એ.સી નંગ-૦૨ કિ.રૂ.૧૪,૦૦૦/- ગણી તમામ ચીજ વસ્તુઓની કુલ્લે કિ.રૂ.૭,૭૦,૦૦૦/- ની મત્તાની મત્તાના મુદ્દામાલ સાથે પકડી ઘરફોડ ચોરીના અનડિટેક્ટ ગુન્હાનુ ડિટેક્ટ કરી આરોપી તથાવિરુધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવેલ છે. તા.૨૧/૦૭/૨૦૨૦

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## સગીરવયની બાળા ને શોધી કાઢી અપહરણકર્તા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદારની આવી કોઇ રજુઆત/ફરીયાદ તો તાત્કાલિક ફરીયાદ દાખલ કરાવી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશનનાઓએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ નારોલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૮૩/૨૦૧૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ કલમ ૧૧(૬).૧૨, ૩,૪,૫(એલ),૬,૮,૯ (એલ), ૧૦ મુજબના ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ.૧૬ વર્ષ ૯ માસ નાનીને આરોપી/અપહરણકર્તા સુશીલ અમીરચંદ શાહ રહે.ગામ મથમલપુર થાના બડહડા તા:આરા જી.ભોજપુર બિહાર નાનો ગઇ તા:૧૧/૦૯/૨૦૧૯ ના રોજ સાંજના સાડા પાંચ છ વાગ્યાના સમયગાળા દરમ્યાન ફરી.ના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી ભગાડીને લઇ જઇ દસેક મહીનાથી પોલીસ પકડથી દુર રહેલ જેથી હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલડીટેઇલ તથા મોબાઇલ ફોનટાવરનું એનાલિસીસ કરી ખંતપુર્વક તપાસ કરી આરોપી તથા ભોગ બનનાર તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ શોધી કાઢેલ હોય અને હાલમાં ચાલતા કોરોના વાયરસ સબંધે નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીનો કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવા માટે તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:- ૧. પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર. ૨. અ.મ.સ.ઇ. વિક્રમસિંહ માનસિંહ બ.નં.૮૧૫૯ પી.આઇ.પર્સનલ સ્ટાફ ૩. અ.પો.કો.રાયમલભાઇ રૂડાભાઇ બ.નં.૯૯૨૬ પી.આઇ.પર્સનલ સ્ટાફ ૪. અ.લો.ર.મુકેશભાઇ બાલુભાઇ બ.નં.૧૨૧૭૧ પી.આઇ.પર્સનલ સ્ટાફ



# આર્મ્સ એકટના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## "12 બોરની બંદૂક સાથે એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ"

ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર હથિયારો તથા કારતૂસોની હેરાફેરી થઇ રહેલ હોય જેથી આવા ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સૂચના કરેલ હતી જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ હેઠળ તેઓના સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુનાઓ શોધી કાઢવા સારૂ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

જે અનુસંધાને તા.20/07/2020 ના રોજ હેડ કોન્સ.મનિષભાઇ નારણભાઇ તથા તેમની ટીમના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન તેઓને બાતમી હકીકત મળેલ કે " એક ઇસમ પોતાની પાસે ગેરકાયદેસરનું હથિયાર રાખી વેચાણ કરવા સારૂ ઓઢવ રીગ રોડ સર્કલથી વસ્ત્રાલ ચાર રસ્તા તરફ જવાના રોડ ઉપર તક્ષશિલા હેવી ટેટ બંગ્લોઝની સામે રોડ ઉપર ઉભેલ છે." મતલબેની બાતમી હકીકત આધારે પંચો સાથે જઇ વોચ તપાસ કરતા એક ઇસમ હારીફ તૈયબભાઇ સેતા ઉવ.34 રહે.ગામ કતકપરા મોટનસા બાપુની દરગાહ પાસે તા.માણાવદર જી.જુનાગઢ નાનો મળી આવતા તેની ઝડતી તપાસ કરતા તેની પાસેના મોટા થેલામાંથી વગર પાસ પરમીટની એક 12 બોરની બંદૂક કિ.રૂ.1,50,000/- મળી આવેલ જે કબ્જે કરી સદરી ઇસમ વિરૂધ્ધ ધી આર્મ્સ એકટ કલમ 25(1-બી) એ, તથા જી.પી.એકટ કલમ 135 મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ કામે મળી આવેલ ઇસમની પૂછપરછમાં 12 બોરની બંદૂક છએક માસ પહેલા માણાવદરના એક ઇસમ પાસેથી ખરીદ કરેલ જેનું વતનમાં વેચાણ થઇ શકેલ ન હોય જેથી વેચાણ કરવાના ઇરાદે થેલામાં મુકી અમદાવાદ આવેલ હોવાનું જાણવા મળેલ છે. મળી આવેલ ઇસમ બાબતે આગળની વધુ તપાસ પો.સ.ઇ કે.એમ.બેરીયા નાઓ ચલાવી રહેલ છે.

**આરોપીનો પૂર્વ ઇતિહાસ : -** પકડાયેલ આરોપી અગાઉ માણાવદર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ત્રણેક કેસોમાં પકડાયેલ છે.

# ચોરીના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## " ફ્લાઇટ મારફતે દિલ્હી જઇ ડેકીમાંથી રૂપિયા 25 લાખની ચોરી કરતી છારા ગેંગના રીઢા સાગરીતને ઝડપી પાડતી અમદાવાદ ક્રાઇમબ્રાન્ચ "

ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તથા આવા ગુનાઓ બનતા અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સૂચના કરેલ જે આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રીઓને આવા ગુનાઓ શોધી કાઢવા ડ્રાઇવ રાખવા જણાવેલ.જે અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ હેઠળ તેઓના સ્કોડના પો.સ.ઇ કે.એમ.બેરીયા નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુના શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ જે અનુસંધાને એ.એસ.આઇ વિરેન્દ્રસિંહ કેશરીસિંહ તથા તેઓની ટીમના માણસો તા.21/7/2020 ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે કુબેરનગર કિશોર સ્કુલ પાસેથી એક ઇસમ નામે સંજય ઉર્ફે ગટ્ટુ મહેશભાઇ બજરંગે ઉવ.30 રહે.નવખોલી ફ્રી કોલોની પાસે છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેરનાને કલાક 18/15 વાગ્યે ઝડપી પાડી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેની થેલીમાંથી રોકડ રૂપિયા 3,00,000/- મળી આવેલ જે કબ્જે કરી કરી તપાસ હાથધરવામાં આવેલ જે આરોપીની પૂછપરછ દરમ્યાન જણાવેલ કે ગઇ તા.5/7/2020 ના રોજ સાગરીત સાથે અમદાવાદ એરપોર્ટથી ફ્લાઇટ મારફતે દિલ્હી ગયેલ અને તા.10/7/2020 ના સાંજના સમયે શાસ્ત્રીનગર મેટ્રો રેલ્વે સ્ટેશન પાસે પસાર થઇ રહેલ એક સ્કુટી ચાલકને એક્સીડન્ટ કરેલ છે તેમ કહી ઉભો રાખી તેની સાથે બોલાચાલી કરી અન્ય ઇસમે તેની સ્કુટીની ડેકીમાં રાખેલ રોકડ રૂપિયા 25 લાખની ચોરી કરી લીધેલ હોવાની કબૂલાત કરેલ જે બાબતે ખાત્રી તપાસ કરાવતા

(1) દિલ્હીના સરાઇ રોહિલ્લા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 246/2020 ઇ.પી.કો કલમ 379, 34 મુજબનો ગુનો રૂપિયા 25 લાખની ચોરી બાબતે દાખલ થયેલ હોય મળી આવેલ ઇસમને સરાઇ રોહિલ્લા પોલીસ સ્ટેશન સોપવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**આરોપીનો પૂર્વ ઇતિહાસ :** - સંજય ઉર્ફે ગટ્ટુ મહેશભાઇ બજરંગે અગાઉ નીચે મુજબના પોલીસ સ્ટેશનોમાં ચોરી તથા લૂંટના ગુનાઓમાં પકડાયેલ છે.

(1) નવરંગપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 140/2014 ઇ.પી.કો કલમ 379, 461, 114 મુજબ (2) બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 138/2017 ઇ.પી.કો કલમ 379, 114 (3) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 296/2018 ઇ.પી.કો કલમ 379, 461 (4) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 191/2011 ઇ.પી.કો કલમ 394, 114 મુજબ (5) સરદારનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ

ગુ.ર.નં 151/2010 ઇ.પી.કો કલમ 380, 114 મુજબ (6) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 187/2010 ઇ.પી.કો કલમ 392, 114 મુજબ (7) ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 56/2012 ઇ.પી.કો કલમ 379, 114, 411 મુજબ (8) મુંબઇ કાંદીવલી પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે. (9) સદરી વિરૂધ્ધમાં પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવતા તે જુનાગઢ જેલમાં પાસા હેઠળ જઇ આવેલ છે.

## ગુનાની એમ.ઓ. : -

પકડાયેલ આરોપી તથા તેના સાગરીતો સાથે અલગ અલગ વિસ્તારમાં ફરી આંગડિયા પેઢીમાંથી રોકડ રકમ લઇ નિકળતા માણસોનો પીછો કરી રોકડ રકમ લઇ નિકળેલ માણસના વાહન સાથે પોતાનું વાહન અથડાવી એકસીડન્ટ કરેલ છે તેમ કહી તેની સાથે બોલાચાલી કરી સાગરીતો મારફતે તે વાહનમાંથી રોકડ રકમની ચોરી કરી લેવાની તેમજ પાર્ક કરેલ ગાડીના કાચ તોડી કિમંતી સરસામાન ચોરી કરવાની તેમજ લૂંટ કરવાની એમ.ઓ.ધરાવે છે.

આ કામનો આરોપી તથા સાગરીત દિલ્હી ખાતે ચોરી કરવા માટે ફ્લાઇટનો જતા આવતા ઉપયોગ કરેલ છે.આ સિવાય બીજી ચોરીઓનો પણ ભેદ ઉકેલાવાની સંભાવના રહેલ છે તે દિશામાં આરોપીની વધુ પૂછપરછ તપાસ ચાલુ છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન :-**

## રાહદારીઓના મોબાઈલ ફોન ખેચી નાશી જતા ઈસમોનો પીછો કરી મુદ્દામાલ સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પો. સ્ટેશન નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તા-૨૦/૦૭/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના માણસો ખાનગી મો. સા. લઈ ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને કલાક-૧૬/૧૫ વાગે ઓઢવ વલ્લભનગર સામે રોડ પાસે આવેલ અને એક ઓટો રીક્ષા ચાલક તથા તેની સાથેનો એક ઈસમ રાહદારીનો મો. ફોન ખેચી ઓટો રીક્ષા લઈ સોનીની ચાલીના ઓવરબ્રિજ તરફ ભાગેલ જેથી સર્વેલન્સ સ્કોર્ડના માણસોએ રાહદારી ઈસમને સાથે રાખી ઓટો રીક્ષાનો પીછો કરેલ અને ઓઢવ સી. એમ. સી. વેરા બસ સ્ટેન્ડ પાસે રાહદારી ઈસમનો મો. ફોન ખેચી ભાગેલ બે ઈસમોને કી.રૂ. ૧,૦૫,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી લીધેલ અને રાહદારી ઈસમની ફરિયાદના આધારે ઓટો રીક્ષા ચાલક અને તેની સાથેના ઈસમના વિરૂધ્ધમા ઓઢવ પોલીસ સ્ટેશન ગુનો રજીસ્ટર કરવામા આવેલ હાલ તપાસ ચાલુ છે

**ગુ.ર.નં.-** પાર્ટ એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૮૦૫ ધી. ઈ. પી. કો. કલમ-૩૭૯ (એ) (૩) ૧૧૪ મુજબ

**ફરિયાદી-**વિમલકુમાર મોતીલાલ લોધી ઉ.વ.-૨૪ રહેવાસી-ભગવતીનગરના છાપરા ભાવેશભાઈના મકાનમા સીંગરવા અમદાવાદ શહેર

**આરોપી-૧** મિતેષ ઉર્ફે મીત્તલો સ/ઓ સુરેશભાઈ પરસોત્તમભાઈ શ્રીમાળી ઉ.વ.-૨૪ રહેવાસી-મ.ન.-૧૭/૬૦ જીવરામ ભટની ચાલી મરીયમબીબી ચાર રસ્તા પાસે પોપટીયાવાડ ગોમતીપુર અમદાવાદ શહેર

**આરોપી-૨** કીરીટ ઉર્ફે લાલો સ/ઓ દીનેશભાઈ પરસોત્તમભાઈ સોલંકી ઉ.વ.-૨૫ રહેવાસી-મ.ન.-૧૮/૭૦૪૪ શંકરપુરાની ચાલી સિલ્વર પોલીસ ચોકીની પાસે ગોમતીપુર અમદાવાદ શહેર

**મુદ્દામાલ-** એક કાળા કલરનો VIVO કંપનીનો Y8 મો. ફોન જેનો IMEI નંબર 866532043560890 નો છે કી. રૂ.-૫૦૦૦/- તથા એક સી. એન. જી. ઓટો રીક્ષા જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-01-TB-5329 નો તથા ચેચીસ નં-MD2A27AZ1GWE56906 નો તથા એન્જીન નં-AZZWGE99438 નો છે કી. રૂ.-૧,૦૦,૦૦૦/-

**કામગીરી કરનાર-** (૧) પો. સબ ઈન્સ. કે. આર. પરમાર તથા (૨) મ.સ.ઈ. પરથીભાઈ પુરાભાઈ બ.નં-૧૩૫૨૭ તથા (૩) અ.લો.ર. પરિમલ મોહનભાઈ બ.નં.-૧૨૯૬૨ તથા (૪) અ.લો.ર. નીકુંજકુમાર ભીમરાવ બ. નં.-૬૩૦

**ઓઢવ પોલીસ સ્ટેશન :-**

## વેપારીઓની નજર ચુકવી મોબાઈલ ફોનની ચોરી કરી નાશી જનાર ઈસમને મુદ્દામાલ સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પો. સ્ટેશન નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તા-૨૦/૦૭/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટાફના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને કલાક-૧૫/૦૦ વાગે ઓઢવ સરદાર પટેલ રીંગરોડ પામ હોટલ પાસે આવતા અનાર્મ હે. કો. ચંન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ નાઓને મળેલ બાતમી હકીકતના આધારે એક ઈસમને ચોરીના એક મો. ફોન ફોન કી. રૂ.-૮,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી અન ડીટેક મિલ્કત સંબધી શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા-૨૦/૦૭/૨૦૨૦

**ગુ.ર.નં.-** પાર્ટ એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૦૨૩ ધી. ઈ. પી. કો. કલમ-૩૭૯ મુજબ

**આરોપી-** રાકેશગીરી સ/ઓ રાજેન્દ્રગીરી તનેલુગીરી ગૌસ્વામી ઉ.વ.-૨૩ રહેવાસી-મ.ન.-૪૬ ઈન્દીરા આઝાદનગર કેનાલ પાસે વિરાટનગર રોડ ઓઢવ અમદાવાદ શહેર મુળવતન ગામ-ચેનપુર તા-મઉ થાના-મઉ જી.-આજમગઢ ઉત્તરપ્રદેશ

**મુદ્દામાલ-** એક વીવો કંપનીનો ઝેડ-૧ પ્રો મોડલનો છે જેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર ૮૬૨૧૪૪૦૪૯૦૯૪૨૩૧ તથા ૮૬૨૧૪૪૦૪૯૦૯૪૨૨૩ નો છે કી. રૂ.-૮,૦૦૦/-

**કામગીરી કરનાર-** (૧) પો. સબ ઈન્સ. કે. આર. પરમાર તથા (૨) અનાર્મ પો. કોન્સ. અતુલકુમાર સુખરામભાઈ બ.નં-૮૬૦૬ તથા (૩) અનાર્મ લોકરક્ષક જયેશભાઈ પાલાભાઈ બ.નં-૧૩૮૦ તથા (૪) અનાર્મ લોકરક્ષક રાજુભાઈ રહાભાઈ બ. નં.-૧૦૫૮

# પેરોલ જમ્પ આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૨૯/૨૦૧૨ ઇ.પી.કો કલમ ૩૦૨ મુજબના ગુનામાં પાકા કેદી તરીકે જેલમા રહેલ અને પેરોલ રજા ઉપરથી ફરાર આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય  જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૨૧/૦૭/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ચંડોળા તળાવ ગરીબનવાઝ મસ્જીદ પાસેથી અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભાનાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૨૯/૨૦૧૨ ઇ.પી.કો કલમ ૩૦૨ મુજબના ગુનામાં પકડાયેલ અને પાકા કેદી તરીકે સજા ભોગવી રહેલ આરોપી શરીફખાન સ/ઓ સલીમખાન પઠાણ ઉ.વ ૨૯ રહે ફઝન કિરાણા સ્ટોરની સામેની ગલીમા નવાબનગર છાપરા ચડોળા પાળ શાહઆલમ અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૦૩/૦૪/૨૦૨૦ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલો અને તા ૦૩/૦૬/૨૦૨૦ ના રોજ પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને ચંડોળા તળાવ ગરીબનવાઝ મસ્જીદ પાસેની આજરોજ તા ૨૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે તા ૨૧/૦૭/૨૦૨૦



## **સરખેજ પોલીસ સ્ટેશન :-**

## **મર્ડરના ગુન્હાના વચગાળાના જામીન પર છુટેલ ફરાર આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા પો.સ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા અ.હેડ.કોન્સ.ઇદરીશખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૮૪૭૪ તથા અ.પો.કોન્સ.રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અનાર્મ લોકરક્ષક શીણાભાઇ કાળુભાઇ બ.નં.૪૪૬૪બ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અ.લો.ર.જયરાજદાન કિરિટદાન બ.નં.૧૩૦૨૯ તથા અ.પો.કોન્સ દશરથસિંહ કરશનભાઇ બ.નં.૧૩૧૭૫ તથા અ.લો.ર.મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં.૧૧૪૮ તથા અ.લો.ર.રાજેશભાઇ મોહનભાઇ બ.ન.૧૪૪૭ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઉજાલા સર્કલ ખાતે વાહન ચેકીંગ દરમ્યાનમાં અ.પો.કોન્સ.રણજીતસિંહ સુખદેવસિંહ તથા અનાર્મ પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ઉજાલા સર્કલ ખાતે 'સરખેજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૮/૨૦૧૨ ઇ.પી.કો.કલમ-૩૦૨,૩૨૪,વિગેરે મુજબના ગુનાના કામના પાકા કામના કેદી ક/૧૫૩૨૧ ફરીદભાઇ અયુબભાઇ ઘાંચી રહે.૯૬ હાજી જમાલનગર મકરબા રોડ સરખેજ અમદાવાદ શહેર નો અધિક્ષકશ્રીની કચેરી સાબરમતી મધ્યસ્થ જેલ નાઓના પત્ર ક્રમાંક–જયુડી/૧/૯૪૮/૨૦૨૦ તા.૧૪/૫/૨૦૨૦ આધારે નામદાર ગુજરાત હાઇકોર્ટ અમદાવાદના ક્રિમી.મિસ્ક.એપ્લી.નં.૪/૨૦૨૦ હુકમ અન્વયે વચગાળા રજા પર જેલમાંથી મુકત કરવામાં આવેલ જે કેદીને તા.૧૪/૦૫/૨૦૨૦ ના રોજ સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ તે વચગાળાના જામીનથી પરત જેલ ખાતે હાજર થયેલ નહિ અને ફરાર આરોપી તા.૧૯/૦૭/૨૦૨૦ ના કલાક ૨૧/૪૫ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**પકડાયેલ આરોપી:-** ફરીદભાઇ સન/ઓ અયુબભાઇ અહેમદભાઇ ઘાંચી ઉ.વ.૩૬ રહે.૯૬ હાજી જમાલનગર મકરબા રોડ સરખેજ અમદાવાદ શહેર હાલ રહે.મ.નં.૪૪ આશીયાના રો-હાઉસ જાગ્રુતિ સ્કુલની પાછળ કેસર પાર્ક જનપથ હોટલની સામે મકરબા સરખેજ અમદાવાદ શહેર

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## રાણીપ પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ- ૧૧૧૯૧૦૦૨૨૦૦૪૧૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૧૮૮,૧૧૪ તથા પ્રિઝન એકટ કલમ ૪૨,૪૩,અને ૪૫ ની પેટા કલમ ૧૨ મુજબના ગુનામા વોન્ટેડ આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી રાણીપ પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ- ૧૧૧૯૧૦૦૨૨ ૦૦૪૧૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૧૮૮,૧૧૪ તથા પ્રિઝન એકટ કલમ ૪૨,૪૩,અને ૪૫ ની પેટા કલમ ૧૨ મુજબના વોન્ટેડ આરોપી આશિફખાન ઉર્ફે ગાંડી ફરીદખાન પઠાણ ઉ.વ ૨૭ રહે,મ.નં ૭ સુફીનગર ગેટ નં-૨ સોનીનુ ખેતર પેટ્રોલપંપની સામે ઇસનપુર અમદાવાદ શહેરનાને ઇસનપુર સોનીના ખેતરના નાકેથી આજરોજ તા ૨૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૦/૩૦ વાગે પકડી પાડી રાણીપ પોલીસ સ્ટેશનને સોપવામા આવેલ છે તા.૨૧/૦૭/૨૦૨૦



# જુગારના આરોપીની અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશન :-**

## તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન જુગાર રમાતા બે ઇસમોને પકડી કુલ્લે રૂપીયા ૫૮૩૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી જુગારનો ગણનાપાત્ર કેસ સોધી કાઢતી - નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા ના. પો. કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન તથા જુગાર નેસ્તનાબુદ કરવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ પો.સબ.ઇન્સ શ્રી જે.જી.કામળીયા તથા સાથેના પોલીસ સ્ટાફના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન "નરોડા જી.આઇ.ડી.સી. રીધમ એપાર્ટમેન્ટની પાછળ ખુલ્લી જગ્યામાં " ખાતેથી નરેન્દ્રભાઇ સવજીભાઇ જાતે.પટેલ ઉ.વ.૪૮ રહે- મ.નં.૪૦ પ્રતીક સોસાયટી ઇન્ડીયા કોલોની સોસાયટીની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર + ૧ = ૨ નાઓ પોતાના આર્થીક ફાયદા સારુ બહાર થી માણસો બોલાવી ગંજી પાના વડે હારજીતનો જુગાર રમી રમાડી નાલ ઉઘરાવતો હોય જે બાતમી હક્કિત આધારે સાથે સદરી જગ્યાએ રેડ કરતા સદર જગ્યાએ થી બે ઇસમોને રોકડ નાણાં ૨૦૩૨૦/- તથા મોબાઇલ ફોન નંગ - ૧ ની કીમત રૂપીયા ૩૦૦૦/૦૦ તથા વાહન કુલ ૧ કીમત ૩૫૦૦૦/- તથા ગંજીપાના નંગ – ૫૨ કીમત રૂપીયા ૦૦/૦૦ ગણી કુલ્લે મુદ્દામાલ રૂ૫૮૩૨૦/- મત્તાનો મુદામાલ કબજે કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ અટક કરી કાયદેસર ની કાર્યવાહી કરવા મા આવેલ છે. તા-૨૧/૦૭/૨૦૨૦.

**આરોપીઓના નામ (૧)**નરેન્દ્રભાઇ સવજીભાઇ જાતે.પટેલ ઉ.વ.૪૮ રહે- મ.નં.૪૦ પ્રતીક સોસાયટી ઇન્ડીયા કોલોની સોસાયટીની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર(૨) સોમાભાઇ મણાજી જાતે- ઠાકોર ઉ.વ.૬૦ રહે- મોટો ઠાકોર વાસ નરોડા ગામ. નરોડા અમદાવાદ શહેર

**વોન્ટેડ:** જયંતિભાઇ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે:ઓમનગર ફાટક પાસે મેઘાણીનગર

**મુદ્દામાલ –** રોકડ નાણાં ૨૦૩૨૦/- તથા મોબાઇલ ફોન નંગ - ૧ ની કીમત રૂપીયા ૩૦૦૦/૦૦ તથા વાહન કુલ ૧ કીમત ૩૫૦૦૦/- તથા ગંજીપાના નંગ – ૫૨ કીમત રૂપીયા ૦૦/૦૦ ગણી કુલ્લે મુદ્દામાલ રૂ૫૮૩૨૦/-

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી** પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા એલ.આર.દેવેન્દ્રસિંહ ભીખુભા બ.નં-૨૫૧ તથા એલ.આર. નારણભાઇ રાણશીભાઇ બ.નં-૧૧૬૬ તથા એલ.આર. લાલાભાઇ રયાભાઇ બ.નં.૧૨૨૪



## ગુના નિવારણ શાખા :-

## ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી વરલી મટકાનો જુગાર રમતા ૫ ઈસમોને કુલ્લે ૧૫,૯૮૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૨૧.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના અહેકો શૈલેષભાઈ દેવાભાઈ, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો જગદીશકુમાર કાંતીલાલ તથા અન્ય સ્ટાફના માણસો વિગેરે શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો શૈલેષભાઈ દેવાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મોટેરા ગામ સવજીવાસ ના નાકા પાસે ખુલ્લી જગ્યામા આરોપી ભરત ઉર્ફે દાઉદ કાંતીભાઈ ઠાકોર રહે.બાલમંદિરવાસ મોટેરાગામ અમદાવાદ શહેર તથા અન્ય ૪ ઈસમો મળી કુલ્લે ૫ ઈસમોને  સટા બેટીગનો આંક ફરક નો નાણા ની હારજીતનો મીલન ઓપનનો જુગાર રમી રમાડતા સટા સ્લીપ બોલપેન તથા રોકડા રુપિયા ૧૫૯૮૦/ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૦૮૨૨૨૯૧૩/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) ચેતનભાઈ કાંતીભાઈ ઠાકોર રહે.સવજીવાસ મોટેરા ગામ અમદાવાદ (૨) ભરત ઉર્ફે દાઉદ કાંતીભાઈ ઠાકોર રહે.બાલમંદિરવાસ મોટેરાગામ અમદાવાદ શહેર (3) કનુભાઈ સોમાજી ઠાકોર રહે. સવજીવાસ મોટેરા ગામ અમદાવાદ (૪) ગણેશભાઈ ગેલજીભાઈ ઠાકોર રહે. સવજીવાસ મોટેરા ગામ અમદાવાદ (૫) કનુભાઈ ચીમનલાલ સોની રહે. સવજીવાસ મોટેરા ગામ અમદાવાદ

**ગુનાની જગ્યા :** મોટેરા ગામ સવજીવાસ ના નાકા પાસે ખુલ્લી જગ્યામા

**પકડાયેલ મુદામાલ :** (૧) રોકડા નાણા રુપિયા ૧૫૯૮૦/- (૨) સટ્ટા બુક નંગ ૧ (3) સટ્ટા સ્લીપ નંગ- 3 (૪) બોલપેન નંગ ૧ મળી



# પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :-

## પ્રોહિબીશનના નાસતા ફરાર આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૮૪૭૪ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં-૨૮૩૯ તથા અ.લોકરક્ષક.ઇરફાન કાસમભાઇ બ.નં-૮૮૭૪ તથા અ.લોકરક્ષક જયરાજદાન કીરીટદાન બ.નં.૧૩૦૨૯ તથા અનાર્મ લોકરક્ષક રાજેશભાઇ મોહનભાઇ બ.નં.૧૪૪૭ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સરખેજ જનપથ હોટલ નજીક આવતા સાથેના પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ જનપથ હોટલ આગળથી "સેટેલાઇટ પોલીસ સ્ટેશન પાર્ટ-સી-૧૧૧૯૧૦૪૨૨૦૦૧૩૯/૨૦૨૦ ગુજરાત પ્રોહિ.એકટ કલમ ૬૫(ઇ),૮૧ મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી જયેશભાઇ સન/ઓ જયંતિભાઇ જયરામભાઇ છારા ઉ.વ.૨૮ રહે.મ.નં.૮૬૬ શંકરપુરા સહજાનંદ એસ્ટેટની સામે સાણંદ સર્કલ નજીક સરખેજ અમદાવાદ શહેરનાને તા.૧૯/૦૭/૨૦૨૦ ના કલાક ૧૨/૩૫ વાગે સી.આર.પી.સી-૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**પકડાયેલ આરોપી:-** જયેશભાઇ સન/ઓ જયંતિભાઇ જયરામભાઇ છારા ઉ.વ.૨૮ રહે.મ.નં.૮૬૬ શંકરપુરા સહજાનંદ એસ્ટેટની સામે સાણંદ સર્કલ નજીક સરખેજ અમદાવાદ શહેર

# <u>પાસા આરોપીની અટકાયતની વિગત</u>


## નારોલ પોલીસ સ્ટેશન :-

## ઇંગ્લીશ દારૂની હેરાફેરીમાં સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી દીલીપસિંહ ઉર્ફે કાળુ ભુપતસિંહ જાતે ડાભી ઉ.વ ૫૯ રહે.સી/૧૦૬ સ્વસ્તીક પ્લેટીનીયમ ભમરીયા કુવાની સામે નારોલ અસલાલી હાઇવે અમદાવાદ શહેર ના ઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૧૮/૨૦૨૦ તા.૨૧/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાતીને બજવણી આજરોજ કલાક – ૨૨/૦૦ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૧/૦૭/૨૦૨૦

### <u>સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :</u>

(૧) પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે. (૨) પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪
(૩) પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦



## ખાડિયા પો. સ્ટે. હસ્તકની રાયખડ પોલીસ લાઈન માં ઉકાળો, રોગ પ્રતિકાળક શક્તિ વધે એની દવા અને માસ્ક વિતરણ

### ખાડીયા પોલીસ સ્ટેશન :-

ખાડિયા પો. સ્ટે. હસ્તકની રાયખડ પોલીસ લાઈન માં ઉકાળો, રોગ પ્રતિકાળક શક્તિ વધે એની દવા અને માસ્ક વિતરણ આશરે 60 કરતા વધુને દવાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં વુ.હે.કો. શબનમબાનું, સામાજિક કાર્યકર્તા બુરહાનનુદીન કાદરીની આગેવાનીમાં આ પ્રોગ્રામ યોજાયો હતો જેમાં જરિયાય દુઆ ફોઉન્ડેશનના ફરહાનબેન, મિલનભાઈ, વર્ષાબેને સહયોગ આપ્યો હતો અને એક્સ કોઉન્સિલર શ્રી મુસ્તાકભાઈ ખાદિવાળા અને ઈલિયાસ શેખ જોડાયા હતા



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૩૯૫ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ. ૧૨ બિયર ટીન અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૮,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૨૨૦/૨૦૨૦

**વાડજઃ** પ્રકાશભાઇ વિષ્ણુભાઇ દરજી (ઉ.વ.૪૦) (રહે. અંબીકા એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ષચેંજ પાછળ નારણપુરા) એ તા.૨૧/૦૭/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૩૦ થી તા.૨૦/૦૬/૨૦૨૦ ક્લાક ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૬૮૦૩૨૦૭૫૮ અને ૯૫૧૨૧૮૬૯૫૦ ના ધારકે ફોન કરી વિશ્વાસમાં લઈ પ્રકાશભાઈના કાલુપુર બેન્કના ખાતામાથી રૂપિયા ૧,૦૫,૭૦૦/- ઓનલાઇન ટ્રાંજેક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**સરદારનગરઃ** સુનિલભાઇ રમેશલાલ કિમતાણી (ઉ.વ.૩૮) (રહે. સરસ્વતિ સોસાયટી સૈજપુર બોઘા કુબેરનગર) એ તા.૨૧/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૨૦ બપોરના ૩/૩૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુનિલભાઈના ઘરે ગેસના બાટલામાથી ગેસ લીકેઝ થતો હોઇ સુનિલભાઈએ ફરીયાદ નોધાવવા જસ્ટ ડાયલ એપ પરથી ફોન નંબર ૮૯૧૦૭૬૦૨૧૫ ગેસ કંપનીનો નંબર મેળવી ફોન કરતા ગેસ કંપનીનો માણસ બોલુ છુ તેમ કહી વિશ્વાસમાં લઈ સુનિલભાઈના બેન્ક ખાતાની માહીતી મેળવી સુનિલભાઈના ખાતામાંથી અલગ-અલગ કુલ રૂપિયા ૪૮,૫૦૦/- ઓનલાઇન ટ્રાંજેક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૦**

**ઓઢવઃ** લાલરામ છોગાજી કુમાવત (રહે. પોપ્યુલર પાર્ક છોટાલાલની ચાલી ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૨૧/૦૭/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ છોટાલાલની ચાલી પાસે આવેલ આદર્શ ૧ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સામે કિરણ એમ્પોરીયમ નામની દુકાનનુ સીમેન્ટનુ પતરૂ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી શુટીંગ-શર્ટીંગના પેન્ટ-શર્ટના તાકા નંગ-૩૫, સાડી નંગ-૧૦૦, બ્લેંકેટ નંગ-૧૨, નાની-મોટી હોજીયારી તેમજ ચાદરો નંગ-૧૫ મળી કુલ કિમત રૂપિયા ૯૬,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** બોડકદેવ રાજપથ ક્લબ પાછળ એરોન સ્પ્રેસ્ટા કંસ્ટ્રક્સન સાઇટ પર રહેતા અને ત્યા જ કામ કરતા અજયભાઇ છનુભાઇ પરમાર (ઉ.વ.૨૧) (મુળ વતન. ગામ- નીમનળીયા તા,જી- દાહોદ) તા.૨૦/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સાઈટ પર કંસ્ટ્રક્સનનુ કામ કરતા હતા ત્યારે લોખંડનો સળિયો માથામાં વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિલ્બી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સહદેવસિહ નારુભા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** શારદાબહેન વા/ઓ નિરંજનકુમાર સોલંકી (ઉ.વ.૫૫) (રહે.કાન્તમ ફ્લેટ વિજયકામદારની બાજુમા સૈજપુર બોધા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૦૭/૨૦ કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

**રામોલઃ** ક્રિશ ઉર્ફે શની સ/ઓ ઇશાકભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૧૫) (રહે. સુખશાંતિનગર સિંધવાઇ માતાના મંદિર પાછળ સી.ટી.એમ.રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૦ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી